ફરિયાદ દાખલ તારીખ :– ૧૬/૦૫/૨૦૧૭.
ફરિયાદ ફેસલ તારીખ :– ૦૨/૦૧/૨૦૧૮.

# જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,મુ.આણંદ.

ગ્રાહક ફરિયાદ નંબર: ૧૦૧/૨૦૧૭.

ફરીયાદી :– અનીલભાઈ ચંદુભાઈ પટેલ,
ઉ.વ.૫૦,ધંધો. આચાર્ય,
રહે. વૈષ્ણવી સોસાયટી, થર્મલ ચોકડી,
મુ.ટીબાના મુવાડા,
તા.ગળતેશ્વર, જિ.ખેડા.

વિ રૂ ઘ્ધ

સામાવાળા:– (૧) ડાઈકીન એર કન્ડીશનીગ પ્રા.લી.,
ઠે.આશ્રમ રોડ,
અમદાવાદ.

(૨) અમી એર,
ઠે. ૯/કપાસીયા બજાર પાસે,
ટાવર બજાર નજીક,
મુ.તા.જિ.આણંદ.

કોરમ:– (૧) શ્રી આઈ.આર.દવે, પ્રમુખશ્રી.
(૨) શ્રી કે.એન.પરમાર, સભ્યશ્રી.

મૌખિક હુકમ :– શ્રી આઈ.આર.દવે. પ્રમુખશ્રી.

---

ફરિયાદી તરફે વિધ્વાન એડવોકેટ :– શ્રી એ.સી.પંડયા.
સામાવાળા નં.(૧,૨) તરફે :– હાજર નથી.

---

ગ્રાહક સુરક્ષા અધિનિયમ,૧૯૮૬ ની જોગવાઈઓ હેઠળ

**–: હુકમ :–**

૧. પ્રસ્તુત ફરિયાદ આ કામના ફરિયાદીએ સામાવાળાઓ વિરુધ્ધ ગ્રાહક સુરક્ષા અધિનિયમ–૧૯૮૬ ની કલમ –૧૨ ના પ્રબંધો હેઠળ દાખલ કરાવેલ છે.

પ્રસ્તુત ફરિયાદની સંક્ષિપ્તમાં હકીકત એવી છે કે ફરિયાદી મેનપુરા હાઈસ્કુલમાં ફરજ બજાવી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે. સામાવાળા નં.૧ ડાઈકીન એરકન્ડીશનીંગ પ્રા.લી. એરકંડીશનરનું ઉત્પાદન કરતી કંપની છે. સામાવાળા નં.૨ અમી એર તે એર કંડીશનર મશીનો વેચવાના ડીલર છે. તેઓ ગ્રાહકોને એર કંડીશનરના ફીચર્સ સમજાવી વેચવાનો ધંધો કરે છે. ફરિયાદી તા.૩૧/૩/૧૭ ના રોજ સામાવાળા નં.૨ અમી એરની દુકાનમાં એરકંડીશનર ખરીદવા માટે ગયેલા. ત્યાં તેમને અલગ–અલગ કંપનીઓના એરકંડીશનર મશીન બતાવેલા. તેમને જણાવવામાં આવેલ કે ડાઈકીન કંપનીનું એરકંડીશનર ગુણવત્તામાં શ્રેષ્ઠ છે અને તેની સર્વિસ ઝડપથી આપવામાં આવશે. આથી ફરિયાદીએ તે વાતથી આકર્ષાઈ ડાઈકીન કંપનીનું એટલે કે સામાવાળા નં.૧ ની કંપનીનું એરકંડીશનર મશીન ખરીદ કરેલું. તેમણે ડાઈકીન કંપનીનું મોડેલ એફ.ટી.કે.એચ.૫૦ એસ. આર.વી. ૧૬, ૧.૫ ટન, થ્રી સ્ટાર રેટીગવાળુ ઈન્વર્ટર એ.સી. રૂા.૪૬,૦૦૦/– માં ખરીદ કરેલું. આ અંગેનુ તેમને ઈનવોઈસ આપવામાં આવેલ, જેનો નં.આર.૮૯ છે. તે રીતે ફરિયાદી સામાવાળા નં.૨ ના ગ્રાહક બનેલા. આ એરકંડીશનરની ડીલીવરી બે–ત્રણ દિવસમાં મળી જશે તેવું જણાવવામાં આવેલું. ફરિયાદીએ આ મશીનની પુરેપુરી રકમ રોકડમાં ચુકવેલી. બે–ત્રણ દિવસ બાદ કંપનીના માણસો આવેલા અને તેમણે ફરિયાદીને આ એરકંડીશનર મશીન ચાલુ કરી બતાવેલું અને પરત ગયેલા. તેમણે તે વખતે કહેલુ કે બે–પાંચ વર્ષ સુધી કોઈ પ્રોબ્લેમ આવશે નહી અને આવે તો તમારા ગેરીટી પિરીયડમાં ફરિયાદ આપશો તો તાત્કાલીક સર્વિસ આપવામાં આવશે. ત્યારબાદ તા.૧૦/૭/૧૭ ના રોજ આ મશીન ચાલુ કરતા તેમાં કુલીગ નહી આવતા ફરિયાદીએ સામાવાળા નં.૨ ને જાણ કરેલી. સામાવાળા નં.૨ ના માણસોએ આ મશીન તપાસતા શું ખામી છે તે નહી સમજાતા તેઓ આ મશીનને બોક્ષમાં પેક કરી તે સામાવાળા નં.૧ કંપનીને મોકલી આપીશું તેવું જણાવીને જતા રહેલા. પરંતુ સામાવાળા નં.૨ ને ત્યાંથી પછી આ મશીન લેવા કોઈ નહી આવતાં ફરિયાદી જાતે આ બોક્ષ સામાવાળા નં.૨ ને ત્યાં મુકી આવેલા. સામાવાળા નં.૨ નાએ તે

વખતે તેમને જણાવેલ કે "આ એરકંડીશનરની ખામી દુર કરી તત્કાલ તમારે ત્યાં અમારા માણસો આવી ફીટીંગ કરી જશે." ત્યારબાદ આ મશીનમાં શું ખામી છે તેવું પુછતાં સામાવાળા નં.૨ તેમની સાથે ઉધ્ધત અને બેફીકરાઈભર્યુ વર્તન કરી જણાવેલ કે "તમારે જે ફોડી લેવું હોય તે ફોડી લો, અમારી કોઈ જવાબદારી નથી તમારે કંપની સાથે ફોડી લેવાનું." આથી ફરિયાદીને લાગેલુ કે તેઓ છેતરાઈ ગયેલા છે. ત્યારબાદ ફરિયાદીએ તેમના એડવોકેટ મારફતે સામાવાળાને તા.૨૧/૪/૧૭ ના રોજ રજી.પોસ્ટ એ.ડી.થી નોટીસ મોકલાવેલ. આ નોટીસો તેમને બજી આવ્યા બાદ તેઓએ તેનો ખોટો અને ઉડાઉ જવાબ આપેલો. તેમાં તેમણે જણાવેલ છે કે " આ એ.સી.માં કોઈ પ્રોબ્લેમ હતો નહી અને કંપનીમાંથી આ એ.સી. રેગ્યુલર થઈને આવી ગયેલ છે, પરંતુ તમે કંપનીના માણસો ફીટીંગ કરવા આવતા તેમને પરત કાઢી મુકો છો." આ સંજોગોમાં ફરિયાદીએ આ એ.સી. બદલી આપવા અથવા તો તેની ખરીદ કિંમત પરત ચુકવી આપવા અને તેમને થયેલ ત્રાસ માટે રૂા.૨૫,૦૦૦/- નું વળતર અપાવવા અને કાનુની ખર્ચ માટે રૂા.૧૫,૦૦૦/- અપાવવા દાદ માંગેલ છે.

૨. આ કામની નોટીસો સામાવાળાઓને રજી.પોસ્ટ એ.ડી.થી બજી આવ્યા બાદ વ્યાજબી સમય આપેલ હોવા છતાં તેઓ આ કામે હાજર થયેલ નથી. તેઓ જાતે અથવા તેમના વકીલશ્રી મારફતે પણ હાજર રહેલ નથી. ફળસ્વરૂપે તેમના બચાવમાં કોઈ લેખિત જવાબ રજુ થયેલ નથી. રજી.પોસ્ટ એ.ડી.થી આ ફરિયાદની નોટીસો બજી આવેલ હોવા છતાં સામાવાળાઓ હાજર રહેલા નથી, ત્યારે એમ માનવાને કારણ મળે છે કે તેઓએ આ ફરિયાદની હકીકતો ખરી હોવાનું સ્વીકારી લીધેલ છે. ફરિયાદીએ ફરિયાદની હકીકતના સમર્થનમાં તા.૨૨/૧૧/૧૭ ના રોજ પોતાનું સોગંદનામુ પણ રજુ કરેલ છે. તેમણે લિસ્ટથી રજુ કરેલા દસ્તાવેજો જોતાં તેમણે સામાવાળાને મોકલાવેલ નોટીસ અને આ નોટીસો પોસ્ટથી બજી આવેલ હોવાનું પણ જણાઈ આવે છે. આ તમામ સંજોગોમાં સામાવાળાઓની ગેરહાજરીમાં ફરિયાદની હકીકતો પુરવાર થયેલી માનવામાં આવે છે. આથી સામાવાળાઓએ ફરિયાદી/ગ્રાહકને આપવાની થતી સેવામાં

ખામી અને/અથવા બેદરકારી બતાવેલ હોઈ ફળસ્વરૂપે તેમના વિરુધ્ધ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

(૧) ફરિયાદમાં જણાવેલ વર્ણનવાળુ ચાલુ હાલતમાં હોય તેવું નવુ એરકંડીશનર સામાવાળાઓએ ફરિયાદીને બદલી આપવું અથવા વિકલ્પે ફરિયાદીને સદર એરકંડીશનરની કિંમત રૂા.૪૬,૦૦૦/- (અંકે રૂપિયા છેતાલીસ હજાર પુરા) ચુકવી આપવી તેવો હુકમ કરવામાં આવે છે.

(૨) ફરિયાદીને થયેલ માનસિક ત્રાસ માટે રૂા.૫,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નું વળતર પણ સામાવાળાએ ચુકવી આપવું તેવો આદેશ કરવામાં આવે છે.

(૩) વિશેષમાં આ ફરિયાદનો ખર્ચ રૂા.૨,૦૦૦/-(અંકે રૂપિયા બે હજાર પુરા) ગણી તે પણ ફરિયાદીને ચુકવી આપવા સામાવાળાઓને આદેશ કરવામાં આવે છે.

(૪) ચુકવણીની રકમ સામાવાળાઓએ ફરિયાદીને તેમના એકાઉન્ટ પેયી ચેકથી ચુકવવી, અથવા તેમના નામનો એકાઉન્ટ પેયી ચેક આ ફોરમમાં જમા કરાવવો.

(૫) સામાવાળાઓએ ફરિયાદને ખર્ચ જાતે ભોગવવો.

આ હુકમ આજરોજ તારીખઃ- ૦૨/૦૧/૨૦૧૮ ના રોજ આણંદ ખાતેના ફોરમ સમક્ષ વાંચી સંભળાવી જાહેર કર્યો.

(કે.એન.પરમાર)
સભ્ય
જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ
આણંદ.

(આઈ.આર.દવે)
પ્રમુખ
જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ
આણંદ.